દાખલ થયા તારીખ : ૦૯/૦૭/૨૦

રજી.લીધા તારીખ : ૦૯/૦૭/૨૦

નિકાલ તારીખ : ૦૨/૦૧/૨૩

સમય : વર્ષ–૦૨, માસ–૦૫, દિવસ–૨૩

सत्यमेव जयते

**અમદાવાદના મહે. એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ, શ્રી એમ.એ.મકરાણી સાહેબની કોર્ટ નં.૧૪ માં, મુ.અમદાવાદ**

ક્રિ.કેસ નં.૩૦૮૯૫/૨૦૨૦

આંક– ૦૬

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂધ્ધ

આરોપી : મહેન્દ્રસિંહ ઉદયસિંહ રાઠોડ

રહેવાસીઃ મ. નં.૫૨, કાળુભાઇ પટેલના મકાનમાં,

મેઘાણીનગર પોલીસ ચોકીની બાજુમાં,

મેઘાણીનગર, અમદાવાદ

તહોમત :– ઈ.પી.કો.કલમ–૩૭૯ મુજબ.

ફરીયાદપક્ષે :– વિ.એ.પી.પી. શ્રી ભાવીનીબેન જાની.

આરોપી પક્ષે :– વિ.વકીલ શ્રી એચ.બી. રામી.

## – ૦ જ જ મે ન્ટ ૦–

૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ છ માસ અગાઉ બાપુનગર ભીડભંજન ખાલસા સ્કુલની બહાર રોડ પર ફરિયાદીએ પાર્ક કરેલ પેશન પ્રો બ્લેક કલરનું મો.સા. નં. જી.જે.૨૭ એલ ૭૪૧૪ નું જેની કિં.રૂા.૧૦,૦૦૦ ગણી શકાય તેની આરોપીએ ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી અગર તોડી ચોરી કરી લઈ જઈ, ગુનો કરેલ હોઈ આ અંગેની ફરીયાદીએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ આપતા, બાપુનગર પોલીસ સ્ટેશને પાર્ટ–એ ગુ.રજી.નં.૧૧૧૯૧૦૦૭૨૦૦૧૬૩/૨૦૨૦ થી ઇ.પી.કો. કલમ–૩૭૯ મુજબનો ગુનો રજીસ્ટર્ડ કરેલ અને આરોપીની અટક કરેલ અને તપાસના અંતે પુરતો પુરાવો મળી આવતા આરોપી સામે ચાર્જશીટ કરેલ છે.

૨) સદર કામે આરોપી વિરુધ્ધનું ચાર્જશીટ આવી જતાં અત્રેથી સમન્સ/વોરંટ બજવણી બાદ આરોપી હાજર ન રહેતો હોય, નાશતો ફરતો હોય તેમજ ફરિયાદી તથા સાહેદ હાજર હોઈ, ક્રિ.પ્રો.કોડની કલમ–૨૯૯ ધ્યાને લેતા સદર કામના ફરિયાદીને તપાસવા યોગ્ય અને ન્યાયીક જણાતા સદર ફરિયાદીને તપાસી કામ આગળની ઈન્સાફી કાર્યવાહી સારુ રાખવામાં આવેલ.

૩) આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવા**

૧. આંક– ૦૩ થી ફરિયાદી પૃથ્વીસિંહ મોહબતસિંહ ઝાલાની જુબાની.

**દસ્તાવેજી પુરાવા**

૧. આંક–૦૪ થી ફરિયાદ.

૨. આંક–૦૫ થી કલોઝીંગ પુરસીસ.

૪) ફરીયાદપક્ષ તરફે ઉપરોકત પુરાવા સિવાય અન્ય કોઈ પુરાવાઓ રજુ થયેલ નથી. ફરીયાદપક્ષના પુરાવાને ધ્યાને લેતાં આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતો ન હોઈ સદર કામે આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**૫)** ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ દલીલ કરી જણાવેલ છે કે, આ કામે રજુ થયેલ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લેતાં, ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરી શકેલ હોઈ, આરોપીને તકસીરવાન ઠરાવી કાયદા મુજબ મહત્તમ સજા કરવા અરજ કરેલ છે.

**૬)** જયારે બચાવપક્ષ તરફે વિ.વ.શ્રી કે કોઇ હાજર રહેલ નથી કે, કોઈ દસ્તાવેજી તેમજ મૌખિક પુરાવો રજુ રાખેલ નથી.

**૭)** આ કેસના આખરી નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– ૦ મુદ્દાઓ ૦ –**

**૧...** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ છ માસ અગાઉ બાપુનગર ભીડભંજન ખાલસા સ્કુલની બહાર રોડ પર ફરિયાદીએ પાર્ક કરેલ પેશન પ્રો બ્લેક કલરનું મો.સા. નં. જી.જે.૨૭ એલ ૭૪૧૪ નું જેની કિં.રૂા.૧૦,૦૦૦ ગણી શકાય તેની આરોપીએ ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી અગર તોડી ચોરી કરી લઈ જઈ, ઇ.પી.કો. કલમ–૩૭૯ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**૨...** શું હુકમ ?

**૮)** ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબના છે.

**૧...** નકારાત્મક.

**૨...** આખરી હુકમ મુજબ.

**૯)** ઉપરોકત નિર્ણયો અંગેના મારા કારણો નીચે મુજબના છે.

**–૦ કા ર ણો ૦–**

**મુદ્દા નં.૧ :–**

સદર કામે ફરીયાદપક્ષ તરફે ફરીયાદીની ફરીયાદના અનુસંધાનમાં આરોપી વિરુધ્ધ તે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા દ્વારા રેકર્ડ પર રજુ કરી તે મુજબનો ગુનો શંકારહીત પુરવાર કરવો જોઈએ. આરોપી તરફે ઉલટતપાસ દ્વારા ફરીયાદપક્ષના પુરાવામાં સંભવિત શંકા

ઉપસ્થિત થાય છે તે મુજબ રેકર્ડ પર પ્રથાપિત કરવું જોઈએ અને જો કોઈ પોતાનો વિશેષ બચાવ હોય તો તે મુજબનો તેમનો બચાવ રજુ કરવો જોઈએ. જો આવા કોઈ વિશેષ પુરાવામાં આરોપી પક્ષ નિષ્ફળ ગયેથી ફરીયાદપક્ષનો પુરાવો સફળ થાય છે. તેવું માની શકાય નહીં, પરંતુ સૌપ્રથમ ફરીયાદપક્ષ તરફે આરોપી વિરુધ્ધ શંકારહિતનો પુરાવો રજુ કરવો જોઈએ તેવું કાયદાનું ધોરણ છે.

**૧૦)** ફરીયાદપક્ષ તરફે આરોપી સામેનો ગુનો પુરવાર કરવા માટે બનાવ સમયે આ કામના આરોપીએ ફરીયાદમાં જણાવ્યા મુજબનો ગુનો આચરેલ હોય, તે હકીકત રેકર્ડ ઉપર પુરાવા દ્ધારા પુરવાર થવી મહત્વની અને જરૂરી છે.

**૧૧)** ફરિયાદપક્ષ તરફે આંક–૦૩ થી ફરિયાદી પૃથ્વીસિંહ મોહબતસિંહ ઝાલાને તપાસવામાં આવેલા છે. તેઓએ પોતાની સોગંદ ઉપરની સરતપાસમાં જણાવેલ છે કે, તેઓની મો.સા. જેનો આર.ટી.ઓ. નં. જી.જે. ૨૭ એલ ૭૪૧૪ નું બાપુનગર પાસે પાર્ક કરેલ અને પરત આવીને જોતા બાઇક મળી આવેલ નહી, જેથી તેઓએ બનાવ અંગેની ફરિયાદ બાપુનગર પો.સ્ટેશને આપેલી. જે સદર કામે આંક–૦૪ થી રજુ છે. જેમાં તેઓની સહી ઓળખી બતાવે છે. વધુમાં જણાવે છે કે, તેઓને ચોરીના અમુક સમય બાદ ઉપરોક્ત મો.સા. પોલીસે પરત આપેલ જે કોની પાસેથી કબજે કરેલ તે તેઓને ખબર નથી તેમજ તેઓને કેસ આગળ ચલાવવો નથી કે વધુ પુરાવો આપવો નથી તેમ જણાવેલ છે.

ત્યાર બાદ સદરહું ફરિયાદીની બચાવપક્ષના વિ.વકીલશ્રી તરફે કોઇ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

**૧૨)** આમ, આ કામે રજુ થયેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓને નજર સમક્ષ રાખી પુરાવાનું મુલ્યાંકન કરતા, આ કામમાં ફરીયાદપક્ષે આંક–૦૩ થી માત્ર ફરીયાદીને સોગંદ ઉપર તપાસેલા છે. સદર ફરીયાદી પોતાની સોગંદ ઉપરની જુબાનીથી ફરીયાદપક્ષના કેસને સમર્થનકારક હકીકતો જણાવે છે પરંતુ સદર મો.સા. કોણે ચોરી કરેલ તે બાબતે કોઇ ચોક્કસ પુરાવો તેઓની જુબાનીમાં રજુ રાખેલ નથી તેમજ તેઓને મો.સા. પરત મળી ગયેલ છે જેથી સદર કેસ આગળ ચલાવવા માંગતા નથી કે વધુ પુરાવો આપવા માંગતા નથી તેવી હકીકતો જણાવે છે.

આમ, ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ તમામ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતાં, આ કામના આરોપીએ જ ગુન્હો કરેલ હોય તે અંગેનો કોઇ સમર્થનકારી પુરાવો ફરિયાદપક્ષ રેકર્ડ ઉપર રજુ રાખી શકેલ નથી તેમજ સદર કામે સ્વતંત્ર સાહેદો તપાસેલ નથી. જેથી આ કામના આરોપીએ છ માસ અગાઉ બાપુનગર ભીડભંજન ખાલસા સ્કુલની બહાર રોડ પર ફરિયાદીએ પાર્ક કરેલ પેશન પ્રો બ્લેક કલરનું મો.સા. નં. જી.જે.૨૭ એલ ૭૪૧૪ નું જેની કિં.રૂા.૧૦,૦૦૦ ગણી શકાય તેની આરોપીએ ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી અગર તોડી ચોરી કરી લઇ જઇ, ગુનો કરેલ હોવાનું ફરીયાદપક્ષ વ્યાજબી શંકાથી પર પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે, જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારાત્મક આપવામાં આવેલ છે, અને મુદ્દા નં.ર અન્વયે આખરી હુકમ  નીચે મુજબ કરવામાં આવે છે.

**– ૦ હુકમ ૦–**

આ કામના આરોપી **મહેન્દ્રસિંહ ઉદયસિંહ રાઠોડ રહે. મ. નં.પર, કાળુભાઇ પટેલના મકાનમાં, મેઘાણીનગર પોલીસ ચોકીની બાજુમાં, મેઘાણીનગર, અમદાવાદ** નાઓને ક્રિ.પ્રો. કોડની કલમ–૨૫૫(૧) અન્વયે ઇ.પી.કો. કલમ–૩૭૯ મુજબના ગુના માંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૭(એ) મુજબ આ કામના આરોપીઓના જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવા અને અપીલ સમય પુરો થયા બાદ રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ અંગે અગાઉ કોઇ વચગાળાનો હુકમ થયેલ હોય તો તે કાયમ રાખવો અન્યથા મુળ માલિકને ખરાઇ કરી પરત સોંપવું.

હુકમ આજ રોજ તા.૦**૨,** માહે–**જાન્યુઆરી,** સને–**૨૦૨૩** ના રોજ અદાલતમાં વાંચી જાહેર કર્યો.

તા. ૦૨/૦૧/૨૦૨૩
અમદાવાદ

**(એમ.એ. મકરાણી)**
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪, અમદાવાદ
GJ-01007